INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૧-૦૭-૨૦૨૪**

- **રાજ્યની ૧૩ GMERSની મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો તોતીંગ ફી વધારો સત્વરે પાછો ખેંચવામાં આવે જેથી કરીને ગુજરાતના સામાન્ય-મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓનું ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર થઈ શકે.**
- **તોતીંગ ફી વધારો પરત ખેંચાય તે માટે કોંગ્રેસ પક્ષ માધ્યમ બને તેવી રજુઆત કરતા વાલીઓ-વિદ્યાર્થીઓ.**
- **એક સાથે મેડીકલની ફીમાં ૬૭ થી ૮૮% સુધીના વધારાને કારણે વાલી-વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા.**
- **સોસાયટીની કોલેજોમાં જે રીતે રાજ્ય સરકારે ફીનો તોતીંગ વધારો કર્યો છે તેના લીધે નીટના ઉંચા સ્કોરના આધારે જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને GMERSની કોલેજોમાં પ્રવેશની શક્યતા હતી તે તમામ વિદ્યાર્થી-વાલીઓ માટે કેવી રીતે નાણાંકીય આયોજન કરવું તે ગંભીર પ્રશ્ન.**

ગુજરાતના વાલીઓ કે જેઓ પોતાના સંતાનોને મેડીકલમાં ગુજરાત ખાતે અભ્યાસ કરાવવા માંગે છે તે અંગે વાલી મંડળના ડૉ.કનુભાઈ પટેલ, દક્ષેશ પટેલ સહિત ૨૦ થી વધુ વાલીઓ અને NEETના ઉંચા સ્કોર ધરાવતા વિદ્યાર્થીઓએ આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલને રૂબરૂ રાજીવ ગાંધી ભવન ખાતે મળીને GMERS ના તોતીંગ ફી વધારો ભાજપ સરકાર પરત ખેંચે તે માટે કોંગ્રેસ પક્ષ મજબુતાઈથી વાલીઓ-વિદ્યાર્થીઓને મદદ કરે તે અંગે રજુઆત કરી હતી. અગાઉ પણ વાલીઓ-વિદ્યાર્થીઓને ફી વધારામાં રાહત મળે તે માટે કોંગ્રેસ પક્ષે મદદ કરી હતી તે પણ વાત વાલીઓએ યાદ કરીને આભાર માન્યો હતો.

GMERS સોસાયટી તબીબી સ્નાતક અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ તોતીંગ ફી વધારો પરત ખેંચવા બાબત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રીને તા. ૪/૦૭/૨૦૨૪ પત્ર લખી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે માંગ કરી હતી. ગુજરાતના મેડીકલ અભ્યાસ કરીને ડોક્ટર બનવાનું સપનું જોતાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારી કોટામાં ૬૭% અને મેનેજમેન્ટ કોટામાં ૮૮% અને NRI કોટામાં ૩,૦૦૦ ડોલરના અસહ્ય ફી વધારાને કારણે ડોક્ટર બનવું મુશ્કેલ બનશે. એક સાથે મેડીકલની ફીમાં ૬૭ થી ૮૮% સુધીના વધારાને કારણે વાલી-વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા છે. સોસાયટીની કોલેજોમાં જે રીતે રાજ્ય સરકારે ફીનો તોતીંગ વધારો કર્યો છે તેના લીધે નીટના ઉંચા સ્કોરના આધારે જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને GMERSની કોલેજોમાં પ્રવેશની શક્યતા હતી તે તમામ વિદ્યાર્થી-વાલીઓ માટે કેવી રીતે નાણાંકીય આયોજન કરવું તે ગંભીર પ્રશ્ન બની ગયો છે. કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને વિદ્યાર્થીઓએ વિસ્તૃત રીતે ઉંચા મેરીટ ધરાવતા વિદ્યાર્થીઓની-વાલીઓની મુશ્કેલી રજુ કરી હતી.

ગુજરાતના વિદ્યાર્થી-વાલીઓની વ્યાજબી માંગણી અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજ્યની ૧૩ GMERSની મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો તોતીંગ ફી વધારો સત્વરે પાછો ખેંચવામાં આવે જેથી કરીને ગુજરાતના સામાન્ય-મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓનું ડોક્ટર બનવાનું સ્વપ્ન સાકાર થઈ શકે. કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ. વિદ્યાર્થીઓના હિતમાં આંદોલન કરશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

**નોંધઃ વિદ્યાર્થી-વાલીઓએ પ્રદેશ પ્રમુખશ્રીને રજુઆત કરી તે અંગેના ફોટોગ્રાફ્સ આ સાથે આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.**